
મધર જોન્સ ઝિંદાબાદ!



લેખન : જિન બેથેલ

ચિત્રાંકન : ગેરી મેકકોર્ડ

વર્ષ છે 1903. જેમ્સ દસ વર્ષ નો છે. એ એક કાપડ ની મિલ માં 2 ડોલર પ્રતિ સપ્તાહ ના દરે કામ કરે છે. એને આ કામ થી નફરત છે. કામ મુશ્કેલ પણ છે અને ખતરનાક પણ. એની નાની બહેન અને ઘણા બીજા બાળકો પણ ત્યાં કામ કરે છે.

મધર જોન્સ કહેવાતી એક જોશીલી વૃધ્દ્ સ્ત્રી નું માનવું હતું કે મિલ માં કામ કરવા માટે આ બાળકો બહુ નાના છે. એટલે એક દિવસ એણે રાષ્ટ્રપતિ થિયોડોર રૂઝવેલ્ટ પાસે મદદ માંગવા લાંબી કૂચ નું આયોજન કર્યું. જેમ્સ અને સો બીજા બાળકો પોતાના ઘર-બાર છોડી ને એની સાથે પગે ચાલતા નીકળ્યા. એ ફિલાડેલ્ફિયા થી નીકળી, ન્યૂ જર્સી થઇ ને ન્યૂ યોર્ક શહેર ગયા જેથી તેઓ રાષ્ટ્રપતિ ના ઓયસ્ટર બે સ્થિત ઉનાળા ના આવાસ માં એમને મળી શકે.


મજદૂરો ને સંગઠિત કરવાવાળી પહેલી અમેરિકી સ્ત્રી ની સરળ ભાષા માં આલેખાયેલી આ વાર્તા ને વાંચવામાં બાળકો ને આનંદ આવશે. કારણકે આ આંખો દેખી ઘટનાઓ ને જેમ્સ જેમ છે એમ આલેખે છે.



મધર જોન્સ ઝિંદાબાદ!

લેખન : જિન બેથેલ
ચિત્રાંકન : ગેરી મેકકોર્ડ

અનુક્રમ



અધ્યાય 1

મારુ નામ છે જેમ્સ


ફિલાડેલ્ફિયા, નવેમ્બર 1903

આ મારી બહેન એમ્મી છે.

એ ફક્ત સાત વર્ષ ની છે.

અમે આ જૂની, ગંદી મિલ માં કામ કરીયે છીએ.

આ દુનિયા નું સૌથી ખરાબ કામ છે.





અમે રોજ બાર કલાક કામ કરીયે છીએ.

અમે સ્કૂલ નથી જતા.

અમે ક્યારેય બહાર તડકા માં નથી નીકળતા.

અમે હંમેશા થાકેલા હોઈએ છીએ.

ક્યારેક અમારી સાથે દુર્ઘટના પણ થાય છે, અમે ઘાયલ થઈ જઇયે છીએ.

તેઓ અમને સપ્તાહ ના બે ડોલર નું મહેનતાણું આપે છે.

ત્યાં મારા પિતા છે.

એને સપ્તાહ ના તેર ડોલર મળે છે.

એનાથી અમારા પરિવાર નો ગુજારો નથી થઇ શકતો.

એટલે એમ્મી અને મને કામ કરવું પડે છે.

અમને આ કામ થી .નફરત છે.

જે પણ અહીં કામ કરે છે એ એને નફરત કરે છે.

અમને મિલ-માલિક થી પણ નફરત છે.
એ કંજૂસ છે અને અમને વાજબી પગાર નથી આપતો.
એ ધનિક છે, પણ અમે ગરીબ જ રહીયે છીએ.
અમને લાગે છે કે આ ગેરવ્યાજબી છે.






અધ્યાય 2

લો આવી ગયા મધર જોન્સ

ફિલાડેલ્ફિયા, નવેમ્બર 1903

પાછલા ઉનાળા માં અમે એ બાબત કંઈક કરવાની કોશિશ કરી હતી.
અમે મિલ-માલિક ને મળવા ગયા.
"મહેરબાની કરીને અમારો પગાર વધારી દો," પિતા એ કહ્યું,
"જેથી અમારા બાળકો ને મિલ માં કામ ન કરવું પડે."
"અમે સ્કૂલ જવા ઇચ્છીયે છીએ," મેં કહ્યું.
પણ એણે ન સાંભળ્યું.
"ચુપચાપ કામ પર પાછા ફરો નહીં તો હું તમને બરતરફ કરીશ."



અમને એથી બહુ ગુસ્સો આવ્યો.

અમે મિલ માં થી બહાર નીકળી આવ્યા.

અમે બધાએ હડતાલ કરી!

અમે મિલ ની સામે ચક્કર લગાવ્યા.

અમે રાહ જોઈ કે માલિક પગાર વધારવાની વાત કરે.

ત્યાં મધર જોન્સ કહેવાતી એક મહિલા આવી. એ ઘણી બુઝુર્ગ હતી - મારી દાદી જેટલી વૃધ્ધ. પણ એનામાં બહુ દમ હતો. એણે મિલ મલિક ની સામે મુઠ્ઠી તાણી.

"શરમ આવવી જોઇએ તને," એણે ગર્જના કરી.

"બાળકો પાસે મોટા જેવું કામ કરાવો છો!"

"મધર જોન્સ ઝિંદાબાદ!" અમે નારા લગાવ્યા.

"આ બાળકો ને આઝાદ કરો!" એણે કહ્યું.

"એના માતા-પિતા ને ગુજરાન ચલાવવા પૂરતું વેતન તો આપો!"

"ક્યારેય નહીં!" મિલ મલિક બોલ્યો.

"તો અમે રાષ્ટ્રપતિ ને મળવા જઈશું!" મધર જોન્સે એલાન કર્યું.

"એ શું કરી શકે?" પિતા એ જાણવા ચાહ્યું.


"શું એ અમારી મજૂરી વધારી શકે? શું એ અમારા બાળકો ને મિલ ની બહાર રાખી શકે?"

"ચાલો આપણે તપાસ કરીયે," મધર જોન્સે કહ્યું. "આપણે એમની પાસે મદદ માંગશું. એ જ તો રાષ્ટ્રપતિઓ નું કામ છે - લોકો ની મદદ કરવાનું."

"હુર્રે!" અમે ખુશી થી બૂમ પાડી.

"ચાલો રાષ્ટ્રપતિ ને મળવા જઇયે."





અધ્યાય 3

શરુ થઈ એ લાંબી પગપાળા કૂચ

ફિલાડેલ્ફિયા, 7 જુલાઈ 1903

છાપાં માં અમારી પગપાળા કૂચ વિષે મોટી ખબર છપાઈ.

કસબા ના દરેક જણ અમને રવાના કરવા આવ્યા.

મધર જોન્સે પરેડ ની આગેવાની લીધી.

પિતાજી અને હું એમની બરાબર પાછળ હતા. અને અમારી પાછળ હતા લગભગ બસો લોકો. એમ્મી પણ સાથે આવવા ચાહતી હતી. પણ એ બહુ નાની છે. એટલે એ માઁ અને શિશુ સાથે ઘરે જ રહી.





શું બતાવું અમે કેવી-કેવી મસ્તી કરી. સંગીત વાગ્યું. લોકો એ જયજયકાર કર્યો. અને અમે ચાલી નીકળ્યા.

હપ-બે-ત્રણ-ચાર!

અમારે પગે ચાલતા બહુ દૂર જવાનું હતું.

રાષ્ટ્રપતિ ના ઉનાળા ના ઘર સુધી, પૂરા 125 માઈલ દૂર.


હપ-બે-ત્રણ-ચાર!

પણ અમને એની પરવાહ ન હતી.

અમે તો એ ગંદી, જૂની મિલ માં થી બહાર નીકળવા નો મોકો મળવાથી ખુશ હતા.

રસ્તા માં લોકો એ અમને પાણી અને ખાવાનું આપ્યું. અમે ચાલતા-ચાલતા જ બપોર નું ભોજન કર્યું. દિવસ ગરમ હતો, એટલે થોડા સમય પછી અમારી ચાલ ધીમી પડવા લાગી. મધર જોન્સ પણ થાકવા લાગ્યા. મેં ગાડી માં બેસવામાં એમની મદદ કરી. એણે નાના બાળકો ને એની સાથે બેસવા દીધા.





સાંજે ચાર વાગે અમારે રોકાવું પડયું.

અમે આરામ કરવા એક ખેતર માં જ લાંબા થયા.

"આપણે રાત અહીં જ વીતાવીશું," મધર જોન્સે કહ્યું.

મેં તંબુ તાણવામાં પુરુષો ની મદદ કરી.


રાત નું ભોજન કરી ને અમે વાતચીત કરી અને ગીત પણ ગાયા.

પિતાજી ને ઊંઘ આવી ગઇ.

પણ હું મોડી રાત સુધી તારાઓ ને નિહારતો જાગતો બેઠો રહ્યો. હું ખુશ હતો. મને મિલ માં કામ કરવા પાછું જવું નહોતું, ક્યારેય.







અધ્યાય 4

અમારી સામે આવી અડચણો

પેન્સીલવેનિયા, 8-10 જુલાઈ 1903

બીજો દિવસ બહુ ગરમ હતો. સૂરજે અમને બાળી નાખ્યા. અમારી ચાલ ધીમી થતી ગઈ.

થોડા લોકો બીમાર પણ થઇ ગયા.

"અમે પાછા ફરીયે છીએ," થોડા લોકો એ કહ્યું. "ગરમી સહન નથી થતી." આમ ઘણા પાછા ફર્યા અને ઘરે ગયા.

કૂચ નો બીજો દિવસ પૂરો થતા ફક્ત સો લોકો રહ્યા હતા.

"હિમ્મત નહીં હારતા," મધર જોન્સે કહ્યું. "આપણે હજી ઘણે દૂર જવાનું છે."

ત્રીજે દિવસે વરસાદ આવ્યો. રસ્તાઓ કીચડ વાળા થઇ ગયા. અમારા ગાડાં એમાં ફસાવા લાગ્યા. એને ધક્કા મારી ને કાઢવામાં મેં પણ પુરુષો ની મદદ કરી.

ત્યાં શરુ થયા કીડી-મકોડા ના હુમલા. એ ગુંજારવ કરતા આવ્યા અને ડંખ મારવા લાગ્યા અને અમને બધાને પાગલ કરી દીધા. વધુ લોકો ઘરે ગયા.

બીજે દિવસે પિતાજી ના પગ માં ઇજા થઈ.

એમને પગે ચાલવાનું મુશ્કેલ થઇ ગયું.

"ચાલો, આપણે પણ ઘરે જઇયે," એમણે કહ્યું.

"મહેરબાની કરીને મને રહેવા ધો," મેં આજીજી કરી.

"મારે રાષ્ટ્રપતિ ને જોવા છે."

"ઠીક છે બેટા. તને કામયાબી મળે," એમણે કહ્યું અને મને ગળે લગાવી ને પાછા ફર્યા.

મધર જોન્સે મને જોઈને સ્મિત કર્યું.

"શાબાશ જેમ્સ! આવો જ જુસ્સો હોવો જોઈએ."

"જી જરૂર," મેં કહ્યું. "જો તમે કરી શકો, તો હું પણ કરીશ."





અધ્યાય 5

ન્યૂ જર્સી ને કર્યું પાર

ન્યૂ જર્સી, 11-23 જુલાઈ 1903

જયારે પુલ ને પાર કરી અમે ન્યૂ જર્સી પહોંચ્યા, ત્યારે ફક્ત સાઠ લોકો બચ્યા હતા.

"તમે બધા બહુ સરસ કરી રહ્યા છો!" મધર જોન્સે કહ્યું.

અમે દિવસો ના દિવસો ચાલતા રહ્યા. અમે ઘણા કસબા માં રોકાયા. દરેક જગ્યા એ મધર જોન્સે ભાષણ આપ્યા.

એ પછી અમે ટોપી ફેરવતા જેથી લોકો એમાં સિક્કા નાખી શકે.

અમારું અભિયાન મશહૂર થઈ રહ્યું હતું.

છાપાઓ એ એને "મિલ ના બાળકો ની કૂચ" નું નામ આપ્યું.





એક રાત તો અમે હોટેલ માં સૂતા.

મેં પહેલા ક્યારેય હોટેલ જોઈ ન હતી. મને હોટેલ બહુ ગમી. સુવા માટે મને એકલા ને એક આખો પલંગ મળ્યો!

પણ ઘણીખરી રાતો અમે ખેતરો માં અથવા કોઇ ખાલી ઇમારતો માં સૂતા.



હું થાકેલો અને ગંદો હતો, પણ એની મને પરવાહ ન હતી.


હું રાષ્ટ્રપતિ ને મળવા જઈ રહ્યો હતો.

હું વિચારતો કે કદાચ એ મારી સાથે હાથ મિલાવશે!

અમે ચાલતા ગયા. આખરે અમે હડસન નદી સુધી જઈ પહોંચ્યા.

અમે નદી ની બીજી બાજુ ન્યૂ યોર્ક શહેર જોઈ શકતા હતા.

અમે ત્યાં પહોંચવા બેતાબ હતા.



અધ્યાય 6

આખરે પહોંચ્યા ન્યૂ યોર્ક

23 જુલાઈ, 1903

અમે એક મોટી હોડી માં બેસી ને નદી પાર કરી.

બહુ મજા આવી. મારુ ચાલત તો હું આખો દિવસ હોડી માં જ વીતાવત.


આખરે અમે ન્યૂ યોર્ક માં હતા.


શું જગ્યા હતી!

એટલા બધા માણસો.

એટલી બધી ઊંચી-ઊંચી ઇમારતો.

કેટલો બધો શોરબકોર!





"થોભો!" પોલીસે કહ્યું.

"તમે લોકો અહીં કૂચ ન કરી શકો!"

હું તો ડરી ગયો.

"બકવાસ!" મધર જોન્સે કહ્યું.

"અમે મેયર ને પૂછીશું."

"તમારે અમને કૂચ કરવા દેવી પડશે, મિસ્ટર મેયર."

"બેશક કૂચ કરો," મેયર બોલ્યા.

"મને પરેડ ગમે છે."









એ એક સારી, લાંબી પરેડ હતી.

ધણા લોકો અમને જોવા આવ્યા.

મધર જોન્સે મને મંચ પર ચઢાવ્યો.

"આ માસૂમ ને જુઓ.

એને મિલ માં કામ કરવું પડે છે, જેનાથી એ ખાવાનું ખરીદી શકે."

"હું સ્કૂલ જવા ઈચ્છું છું," મેં કહ્યું.

"હું લખતા-વાંચતા શીખવા ચાહું છું."

લોકો એ અમને ઉત્તેજન આપ્યું.

બીજે દિવસે છાપાં માં મારા વિષે ખબર છપાઈ. મધર જોન્સે મને વાંચી ને સંભળાવી.

મારા પરિવાર ને મારી ઉપર ગર્વ થયો હશે.





અધ્યાય 7

કોની દ્વીપ સુધી ની સફર

કોની દ્વીપ, 27 જુલાઈ 1903

અમારો આગલો પડાવ હતો કોની દ્વીપ.

અમે ત્યાં સમુદ્રતટ પર ફર્યા.

અમે જંગલી જાનવરો ના ખેલ જોયો.


એ રાતે જયારે મધર જોન્સ ભાષણ આપી રહ્યા હતા, ત્યારે અમે ખાલી પાંજરા માં ઘુસ્યા. અમે જંગલી જાનવરો ની જેમ ચિચિયારી કરી. અમે પાંજરા ના સળિયા હલાવ્યા.

"આ બિચારા બાળકો ને જુઓ," મધર જોન્સ બોલ્યા.

"એ મિલો માં જાનવરો ની જેમ કેદી છે. બાળ શ્રમ ગુનો છે. આપણે કાયદો બદલવો જ પડશે.

થિયોડોર રૂઝવેલ્ટ, અમે આવી રહ્યા છીએ!"





અધ્યાય 8

રાષ્ટ્રપતિ નો ઉનાળા નો આવાસ

ઓયસ્ટર બે, 29 જુલાઈ 1903

મધર જોન્સ અમે પાંચ બાળકો ને સાથે લઈ ને રાષ્ટ્રપતિ ને મળવા નીકળ્યા.

હું અટકળો કરતો રહ્યો કે મિસ્ટર રૂઝવેલ્ટ મને શું કહેશે.


અમે એના આવાસ ના ફાટક પાસે પહોંચ્યા.

પહાડી ની ટોચ પર બનેલું એમનું મોટું મકાન અમને દેખાઈ રહ્યું હતું.

થોડા બાળકો ઇમારત ની સામે ના બાગ માં રમી રહ્યા હતા.

"આ બાળકો કેટલા ખુશકિસ્મત છે," મધર જોન્સે કહ્યું.

"એમને મિલો માં કામ નથી કરવું પડતું."



બે માણસો ફાટક પાસે આવ્યા. "મધર જોન્સ?" એ બોલ્યા.

"રાષ્ટ્રપતિ તમને મળી નહીં શકે."

મધર જોન્સ ને આઘાત લાગ્યો.

"એ અમને નહીં મળે? અમે 22 દિવસ પગે ચાલ્યા છીએ. અને એ અમને મળશે પણ નહીં!"

"માફ કરજો, મેડમ, મિસ્ટર રૂઝવેલ્ટે કહ્યું છે કે એ તમારી કોઈ મદદ નહીં કરી શકે."





"માફ કરજો બાળકો," મધર જોન્સે નિરાશાપૂર્વક કહ્યું.

"ખરાબ ન લગાડતા," મેં એમને દિલાસો આપ્યો.

"આપણે પૂરી કોશિશ કરી."

પણ એમને બહુ અફસોસ થયો. અને મને પણ.

હું મિલ માં કામ કરવા જ માંગતો ન હતો.

પણ ખેલ પૂરો થઈ ચુક્યો હતો. અમારું અભિયાન નાકામ થયું હતું.

અમે રેલગાડી થી ઘરે પહોંચ્યા.



અધ્યાય 9

મિલ માં કામ પર પાછા ફરવું

ફિલાડેલ્ફિયા, નવેમ્બર 1903

હું એ જ જુના કામ પર પાછો ફર્યો છું.

એમ્મી અને મને હજી પણ સપ્તાહ ના બે ડોલર જ મળે છે.

મિલ કોલાહલ થી ભરી અને ગંદી છે.

મને એનાથી હજી પણ નફરત છે.

પણ જરા સાંભળો તો! આ શોરબકોર શું છે?

લોકો ખુશી થી હર્ષનાદ કરી રહ્યા છે.



અરે! આ તો મધર જોન્સ છે! એ પાછા આવ્યા છે!

"તમારે માટે એક ખુશખબર છે," એ બોલ્યા.

"આપણી કૂચ પૂરી રીતે નિષ્ફળ નથી થઈ. ગવર્નર

આપણી મદદ કરશે."

"હુર્રે! હુર્રે! મધર જોન્સ ની જય હો!"

"કોઈક દિવસ કાયદો જરૂર બદલાશે," એમણે અમને કહ્યું.
"કોઈક દિવસ તમારા લોકો ના હાલાત વધારે સારા થશે."

પિતાજી, એમ્મી અને હું આ સાંભળી ખુશ થયા. હવે કંઈક
એવું તો છે જેની આશા અમે કરી શકીયે.



લેખક ની ટિપ્પણી

વાસ્તવ માં એક મધર જોન્સ હતા. એમણે એમનું આખું જીવન બાળ અને વયસ્ક મજૂરો ની સ્થિતિ વધારે સારી કરવાની કોશિશ માં વિતાવ્યું હતું.

સન 1903 માં, જે આ વાર્તા નો સમય છે, અમેરિકા માં 10 લાખ છોકરીઓ અને છોકરાઓ જેની ઉમર 14 વર્ષ થી ઓછી હતી, ખાણ માં, મિલો માં અને કારખાનાઓ માં કામ કરતા હતા.

એમનું કામ કઠિન પણ હતું અને ખતરનાક પણ. થોડા બાળ મજૂરો ને કોલસા ની ખાણ માં કોલસા ની રજ થી અથવા કપડાં ની મિલો માં રૂ ની રૂંવાટી થી, શ્વાસ સાથી જોડાયેલી બીમારીઓ થઈ જતી હતી. ઘણા બાળકો કારખાના ના મશીનો માં પોતાના હાથ કે પગ ખોઈ દેતા હતા. પણ સૌથી દુઃખદ એ હતું કે બાળકો ને સ્કૂલ જવાનો મોકો પણ મળતો ન હતો. એ અંગુઠા છાપ જ રહી જતા હતા.

1870 થી લઈ ને 1930 સુધી મેરી હેરિસ જોન્સ, અથવા મધર જોન્સ વ્યાજબી મજૂરી અને વધારે સારી કાર્ય-સ્થિતિ માટે સંઘર્ષ કરતા રહ્યા. એ પશ્ચિમી વર્જિનિયા ની કોલસા ની ખાણો થી લઈ ને કોલોરાડો ની તાંબા ની ખાણો સુધી, પેન્સિલવેનિયા થી લઈ ને અલાબામા ની કાપડ મિલો માં જતા રહ્યા. એ ત્યાં પ્રદર્શન કરતા, ભાષાણો આપતા, અને મજૂરો ને એકત્ર થવા પ્રેરિત કરતા. એ અમેરિકા ના પહેલા મહિલા હતા જેણે મજૂરો ને સંગઠિત કર્યા હતા.

જે સમયે મધર જોન્સ બાળકો ની પગપાળા કૂચ ની આગેવાની કરી રાષ્ટ્રપતિ થિયોડોર રૂઝવેલ્ટ ને મળવા નીકળ્યા હતા, એ 73 વર્ષ ના હતા. જોકે રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટ પોતે બાળ-શ્રમ નો વિરોધ કરતા હતા, એ કોંગ્રેસ ને એને રોકવાનો સંઘીય કાયદો બનાવવા માટે મનાવી ન શક્યા. એ કાયદો બનતા 45 વર્ષો લાગ્યા.

પણ મિલ માં કામ કરતા બાળકો ની આ લાંબી અને મુશ્કેલ કૂચ પૂરી રીતે અસફળ ન હતી. મધર જોન્સે એની આત્મકથા માં એની ચર્ચા કરતા લખ્યું :

અમે દેશ નું ધ્યાન બાળશ્રમ ના જુલમ તરફ ખેંચ્યું છે. જોકે કપડાં મિલ મજૂરો ની હડતાલ અસફળ રહી અને બાળકો ને ફરી કામ પર જવું પડયું, થોડા જ સમય માં પેન્સીલવેનિઆ ની વિધાન સભા એ એક બાળશ્રમ કાયદો બનાવ્યો જેનાથી 14 વર્ષ થી ઓછી ઉમર ના હજારો બાળકો કારખાના અને મિલો માં કામ કરવા થી બચી શક્યા.

